મનમાં જે ભાવ હોય એ
યોગ્ય રીતે અને યોગ્ય
સમયે યોગ્ય વ્યક્તિને
કહેવાઇ જાય તો સંપર્કનું
રૂપાંતર સંબંધમાં થાય છે
- થોમસ ફુલર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૧૪ | ૨૫ જાન્યુઆરી, ૨૦૧૪, શનિવાર; પોષ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

### શરદ પવારે રાજ્યસભાનું ઉમેદવારી પત્રક ભર્યું



ભારત સરકારના કૃષિમંત્રી અને એનસીપીના સુપ્રિમો શરદ પવારે લોકસભાની ચૂંટણી નહી લડવાની જાહેરાતના પગલે મહારાષ્ટ્ર વિધાનસભા સચિવાલયમાં જઈને રાજ્યસભા માટે ઉમેદવારી પત્રક ભર્યું હતું. એનસીપીના નેતા શરદ પવારે વર્ષો સુધી મહારાષ્ટ્રની બરામતી બેટક પરથી ચૂંટણી લડી મહારાષ્ટ્રનું લોકસભામાં પ્રતિધિત્વ કર્યું છે. શ્રી પવારની વધતી જતી શારીરિક મર્યાદાઓના પગલે તેઓએ લોકસભાના બદલે રાજ્યસભામાં જવાનું પસંદ કર્યું છે.

### સલમાન એક દિવસ માટે ચા વાળો બનશે

સલમાન ખાન ટુંક સમયમાં એક રીયાલીટી ટીવી શૉ માં દેખાશે.



આ શૉ ની થીમ મુજબ સેલીબ્રીટી વ્યક્તિ એક દિવસ માટે સાવ સામાન્ય ગરીબ અને છેવાડાના વ્યક્તિનું જીવન જીવશે. સલમાન ખાનને ચા વાળાની ભૂમિકા કરવાની છે. આ શૉ માં સલમાન ખાન ખરેખર એક દિવસ માટે ચા વેચશે.

# જિલ્લામાં ૭૦ હજાર નવા મતદારો

## વિધાનસભાની ચૂંટણી બાદ જિલ્લાની પાંચે બેઠકો ઉપર ૭૦થી વધુ મતદારો નોંધાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ બાદ ૭૦ હજાર જેટલા નવા મતદારોની નોંધણી છેલ્લા બે વર્ષમાં કરવામાં તંત્રએ સફળતા મેળવી છે.

૨૦૧૨માં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીમાં જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૯,૯૯,૦૧૭ હતી. નવા ૭૦ હજાર જેટલા મતદારો નોંધાયા છે. આ બે વર્ષના સમયગાળામાં જે નવા મતદારો નોંધાયા છે તેમાં જિલ્લા તંત્રએ મતદાર નોંધણી અભિયાનનું સફળ આયોજન વધુ મહત્વનું પુરવાર થયું છે.

જિલ્લામાં મતદાર યાદીની પ્રસિદ્ધિ હજુ ૩૧મી જાન્યુઆરીએ થવાની છે. છેલ્લી મતદાર યાદી સુધારણામાં ૪૦ હજારથી વધુ

● અનુસંધાન પાના - ૬ પર

# ગાંધીનગર કલેક્ટર અને ડે. મ્યુનિ. કમિશનર શ્રેષ્ઠ અધિકારી તરીકે પસંદગી પામ્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. પી. સ્વરૂપ તેમજ નાયબ મ્યુનિ કમિશ્નર શ્રી રાજેશ તન્નાની શ્રેષ્ઠ ચૂંટણી અધિકારી તરીકે રાજ્યકક્ષાએ પસંદગી થતાં જિલ્લાના વહીવટીતંત્રમાં ખુશીનો માહોલ છવાયો છે.



આજે રાષ્ટ્રીય મતદાતા દિની ઉજવણીના ટાઉનહોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં આ બન્ને અધિકારીઓને રાજ્યપાલશ્રી ડૉ. કમલાના હસ્તે સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

ચૂંટણી પંચ દ્વારા ગત વર્ષથી જ રાજ્યમાં શ્રેષ્ઠ ચૂંટણી અધિકારી, શ્રેષ્ઠ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તેમજ શ્રેષ્ઠ મતદાર નોંધણી અધિકારી અને શ્રેષ્ઠ મદદનીશ મતદાર નોંધણી અધિકારી એમ ચાર કેટેગરીમાં એવોર્ડથી સન્માનિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

● અનુસંધાન પાના - ૬ પર










